**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૭ ટકા

# બેવડાતી ઋતુથી શહેરીજનોના સ્વાસ્થ્ય પર માઠી અસર

ગાંધીનગર, તા.૫

આ ઠંડીની સિઝન ચાલી રહી છે કે ગરમીની સિઝનનું આગમન થઈ રહ્યું છે તે નક્કી બની રહ્યું છે. વહેલી સવાર અને મોડી સાંજ બાદ શહેરમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીએ પહોંચે છે ત્યારે દિવસ દરમિયાન શહેરમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આ બેવડી ઋતુના લીધે શહેરીજનોના સ્વાસ્થ્ય પર અસર થઈ રહી છે. સતત ઠંડી વધવાને લીધે ગળામાં ઈન્ફેકશન અને શરદી ઉધરસના દર્દીઓમાં વધારો થયો છે. આ ઉપરાંત ફૂડ પોઈઝનીંગના કેસ પણ શહેરની હોસ્પિટલોમાં નોંધાઈ રહ્યા છે.



ઠંડીની મોસમનો મિજાજ બદલાતો રહે છે અને ઠંડી તેમજ ગરમીનું આ ચક્ર ચાલી રહ્યું છે ત્યારે શહેરીજનોના સ્વાસ્થ્ય પર આની અસર વર્તાઈ રહી છે. બેવડા વાતાવરણને લીધે નાગરિકોના મૂડ સાથે સ્વાસ્થ્યની તાજગીનું સ્ટેટસ બદલાયા કરે છે. સવાર ૧૦ થી ૧૨ ડિગ્રી ઠંડી બપોરે ઉનાળા જેવા તડકાનો અનુભવ અને સાંજ પડતા મોડી રાત સુધી પાછો ઠંડીનો ચમકારો આ બદલાતા મિશ્ર વાતાવરણમાં નાગરિકો કન્ફયુઝનમાં મુકાયા છે શહેરના સિવિલ હોસ્પિટલ અને પ્રાઈવેટ દવાખાનામાં દર્દીઓની લાઈન લાગી રહી છે.

આ મિશ્ર વાતાવરણમાં બહાર નીકળતા નાગરિકો ભારે કફ અને શરદીના શિકાર બન્યા છે. આ લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે બહારના ખોરાક આરોગવાને લીધે ફૂડ પોઈઝનીંગના કેસ વધ્યા છે. શહેરના ડૉકટરના કહ્યા અનુસાર શરદી-ખાંસીમાં ગરમ ઉકાળેલુ પાણી પીવાનું રાખવું. વાસી ખોરાક ન ખાવો અને બે દિવસથી વધુ શરદી રહે તો નજીકના ડોકટરની સલાહ લેવી.

# જન્મથી જ સાંભળી ન શકતી બે બહેનોની કોકલિયરની સફળ સર્જરી કરાઈ

## સિવિલના ઈએનટી વિભાગના ડો. નિરજ શુરીએ બંન્ને બહેનોના વિવિધ ટેસ્ટ કરાવી સફળતા પૂર્વક કોકલિયરનું ઓપરેશન કર્યું

ગાંધીનગર, તા.૫

જન્મથી બોલી કે સાંભળી શકતા નથી, તેવા બાળકોને વિના મુલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટની સર્જરી દ્વારા શ્રવણ શકિત પ્રાપ્ત થઈ શકે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૫૦૦ થી વધુ બાળકોની કોકલિયર ઈમ્પ્લાન્ટની સર્જરી કરવામાં આવી છે. ત્યારે ૧૦૦૦ કેસમાં ભાગ્યે જ જોવા મળતો અજીબો ગરીબ કેસ સિવિલ હોસ્પિટલમાં સામે આવ્યો છે. જેમાં મૂક બધિર માતા-પિતાની ચાર અને બે વર્ષિય દિકરી પણ જન્મથી કંઈ બોલી કે સાંભળી શકતી નથી. સિવિલના ઈએનટી વિભાગના ડો. નિરજ શુરી આ બંન્ને બહેનોના વિવિધ ટેસ્ટ કરાવી સફળતા પૂર્વક કોકલિયરનું ઓપરેશન કરવામાં આવ્યું છે. ત્યારે હવે માતા-પિતા મુક બધિર હોવાને કારણે બંન્ને બહેનોને સ્પીચ થેરાપી આપવી ખુબ જ મુશ્કેલીરૂપ બની રહેશે તેમ ડોકટરોનું માનવુ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોકલિયર ઈમ્પ્લાન્ટની સર્જરી માટે ભારતભરમાંથી નાગરીકો આવે છે. ત્યારે સાબરકાઠા જિલ્લામાંથી મુકબધિર દંપતિના સંતાનો પણ બોલી કે સાંભળી શકતા ન હોય તેવો કેસ સામે આવ્યો હતો. જેને પગલે માતા-પિતા અને પરિવારજનોનું કાઉન્સલીંગ કરીને સિવિલના ડો. નિરજ શુરીએ તેમની ટીમ સાથે મળીને ચાર વર્ષની ખદીજા તેમજ બે વર્ષની બુસરાના વિવિધ જરુરી ટેસ્ટ કરાવ્યા હતા. ત્યારબાદ સિવિલમાં એક કલાક સર્જરી કરીને કોકલિયર ઈમ્પ્લાન્ટ ફીટ કરાયા હતા. આ ઓપરેશન તાજેતરમાં જ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે. હાલ બંન્ને બહેનોમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ તો ફીટ થઈ ગયા છે. ત્યારબાદ બાળકની ગ્રાસ્પીંગ પાવરની કેપેસીટી પ્રમાણે તેને સ્પિચ થેરાપીના કોર્ષ કરાવવામાં આવે છે. આ કોર્ષમાં તે થોડુ સાંભળતા તેમજ સામેવાળી વ્યકિતના હોઠની મુવમેન્ટથી થોડુ સમજતા શીખી જાય છે. કોકલિયર ઈમ્પ્લાન્ટની મદદથી શ્રવણશકિતની ભેટ મળ્યા પછી તે બોલતા પણ શીખી જાય છે. નાનકડી બંને બહેનોના માતા-પિતા પણ બોલી કે સાંભળી શકતા ન હોવાથી સ્પીચ થેરાપી તેમના ઘરે મળવી ખુબ મુશ્કેલ છે. જેનેપગલે તેઓને સ્પીચ થેરાપી માટે બહાર અન્ય કોઈ જગ્યાએ ખાસ કોર્ષ કરવા પડશે તેમ લાગી રહ્યું છે.

**મુવી હાઉસ**

**સિટી પલ્સ, કુડાસણ**
બેડ બોયઝ ફોર લાઈફ
૭.૩૦
જવાની જાનેમન
૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સ્ટ્રીટ ડાન્સર
૬.૩૦, ૩.૩૦, ૯.૩૦
તાન્હાજી - ૩.૩૦, ૯.૩૦
ગુલ મકાઈ - ૩.૪૫
પંગા - ૯.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧૨.૪૫
લવની લવ સ્ટોરી
૬.૪૫

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
સ્ટ્રીટ ડાન્સર
૧.૧૫, ૭.૧૫
તાન્હાજી
૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
પંગા
૫.૧૫
જવાની જાને મન
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
બેડ બોયઝ ફોર લાઈફ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૭.૦૦
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૧.૦૦
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
જવાની જાને મન
૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૪.૫૫, ૧૦.૩૦
બેડ બોયઝ ફોર લાઈફ
૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧૧.૫૦, ૭.૩૫
સ્ટ્રીટ ડાન્સર - ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
પંગા
૭.૧૫
તાન્હાજી - ૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
જવાની જાને મન
૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૪.૪૫
ગુલ મકઈ
૨.૦૦
બેડ બોયઝ ફોર લાઈફ
૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧.૨૦, ૧૦.૧૫
સ્ટ્રીટ ડાન્સર - ૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
પંગા
૧૧.૧૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૩.૪૦
તાન્હાજી - ૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦





ગાંધીનગર એક સુઆયોજિત નગર છે. અહીંના માર્ગો અને મકાનોની ડીઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે કે તે કોઈને અડચણરૂપ ન થાય. જો કે વસાહતીઓ અને વાહનચાલકો શોર્ટકટ રસ્તા શોધવામાં અને બનાવવામાં માહેર છે. મુખ્ય માર્ગ પર કોઈ કટ ન નીકળે તે માટે સેકટરોની ફરતે ફૂટપાથ બનાવાઈ છે. વાહનચાલકો તેમાંથી પણ રસ્તા બનાવી લે છે. ઘ-૩ નજીક રીક્ષાચાલકો અને વાહનચાલકોએ એવી જોખમી રીતે રસ્તો બનાવ્યો છે કે તે માર્ગ પરના અન્ય વાહનચાલકોને અડચણરૂપ બની રહે.

# ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે વ્યાખ્યાન યોજાયુ



ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સે.૨૩,ગાંધીનગરમાં લાયન્સ કલબ ઓફ અમદાવાદ અને સાલ હોસ્પિટલ હેલ્થ કેર વિથ હ્યુમન વિભાગ દ્વારા તાલીમાર્થીઓને કેન્સર રોગ વિશેની માહિતી મળી રહે તે હેતુથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

બ્રહ્માણી કૃપા હોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ડૉ.હરીશ ત્રિવેદીએ કેન્સર વિશેની પ્રાથમિક માહિતી આપી કેન્સરનો રોગ કઈ રીતે થાય છે? કેન્સર રોગના લક્ષણો અને કેન્સરના વિવિધ પ્રકારો વિશે માહિતગાર કર્યા હતા. બાળકોના કેન્સર વિભાગના ડાયરેક્ટ ડૉ. રૂપા શાહે નીરોગી અને નિરામય સમાજ કઈ રીતે બની શકે તેની માહિતી આપી તમાકુ,ગુટખા ખાવાથી શરીરને થતા નુકશાન વિશે તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા.જયારે ડૉ. કિન્નર શાહે ફોટા બતાવીને જુદા જુદા પ્રકારના કેન્સરની માહિતી આપી હતી. કાર્યક્રમને અંતે ભૂમિ પટેલે સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સહુનો આભાર માન્યો હતો.



રીક્ષાચાલકો માટે કાયદાઓનો ભંગ તે જાણે સામાન્ય વાત થઈ ગઈ છે. રીક્ષાચાલકોને રોકવાવાળું કે ટોકવાવાળું કોઈ નથી જેના કારણે તેઓ વારંવાર જોખમી મુસાફરી કરે છે. એક રીક્ષામાં ઠાંસી ઠાંસીને મુસાફરો ભરવામાં આવે છે. વધુ કમાણી માટે તેમના દ્વારા અપનાવાયેલો રસ્તો જોખમી બની રહે છે.

# કુડાસણ ખાતે પાલતું ડોગ્સ-કેટ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

## પેટ માલિકો દ્વારા હડકવા વિરોધી રસી મુકાવવામાં ઉદાસીનતા જોખમી : ડૉ. ચવેલીકર

ગાંધીનગર, તા.૫

શહેરમાં અનેક નાગરિકો દ્વારા ઘરમાં પાલતું પ્રાણીઓ ખાસ કરીને કૂતરાં અને બિલાડીને પાળવામાં આવી રહ્યા છે. આ પ્રાણીઓને પાળવાના શોખીનોને હંમેશા તેમના પાલતું પ્રાણીઓના સ્વાસ્થ્ય અંગે હંમેશા ચિંતા સતાવતી હોય છે. આ સંજોગોમાં શહેરમાં યોજાયેલા 'પેટ હેલ્થ ચેકઅપ કેમ્પ'ને સારો આવકાર પ્રાપ્ત થયો હતો. જેમાં ૫૦થી વધુ ડોગ્સ અને આશરે ૧૨ જેટલી કેટનું હેલ્થ ચેકઅપ વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું.

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં વિહાન પેટ કિલનિક દ્વારા કિલનિકની સ્થાપનાને ત્રણ વર્ષ પુરા થવાના અવસરે ડૉ. પ્રતિક ચવેલીકર અને તેમની ટીમ દ્વારા પાલતુ ડોગ અને કેટ માટે મફત નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડિવોમિંગ, હડકવાની વેકિસન અને ટીકસ વિરોધી વેકિસન આપવામાં




વિરોધી દવાઓ વિના મૂલ્યે આપવામાં આવી હતી.

કેમ્પમાં ૫૦થી વધુ ઉંચી જાતના ડૉગ્સ જેવા કે આલ્શેશ્યન, લેબ્રાડોર, પગ, ડોબરમેન, પામેરિયન, જર્મન શેફર્ડ વગેરે ઉપરાંત આશરે ૧૨ જેટલી વિવિધ કેટસનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. ડૉ. ચવેલીકરના જણાવ્યા મુજબ પેટસના માલિકો દ્વારા તેમના પાલતું પ્રાણીઓને હડકવા ઉદાસીનતા દાખવવામાં આવે છે તે ચિંતાજનક સ્થિતિ છે જે તેમના પરિવાર સહિત અન્યો માટે પણ જોખમી ગણી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે વિહાન પેટ કિલનિક ડૉગ અને કેટ માટે મલ્ટીપેરા મોનીટર, ઓકિસજન અને દાખલ કરવાની સગવડ ધરાવતું કિલનિક છે જેનો ગાંધીનગર અમદાવાદના ટોચના પેટ કિલનિકમાં સમાવેશ થાય છે.

# રાંધેજાથી બીડીનો ગેરકાયદેસર ૨.૩૨ લાખનો જથ્થો જપ્ત

રાંધેજા ગામે વકીલ બીડીના ગોડાઉન પર પેકીંગ ઉપર કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબનું ચિત્ર ન દર્શાવતી બીડીઓના ગેરકાયેદસર ૩૦ ખોખા તેમજ ૧૫ બાંધા સાથે કુલ રૂ.૨,૩૨,૮૦૦ ના મુદ્દામાલ સાથે બીડીના ઉત્પાદક સહિત બે શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એક એનજીઓ દ્વારા પેથાપુર પોલીસને જાણ કરવામાં આવી હતી કે રાંધેજા ગામે અંબાજી ચોક ખાતે વકીલ બીડીનું ઉત્પાદન થાય છે. જેના ઉત્પાદક કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ આજના સમયમાં તમાકુ પીડાદાયક મૃત્યું નોંતરે છે તે સાથેનું ચિત્ર દર્શાવવાનું હોય છે તે




દર્શાવતા નથી. ગાઈડ લાઈનના નિયમો વિરુધ્ધ ઉત્પાદનની બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ એ.જી.એનુરકારે ટીમ સાથે રેઈડ કરી હતી. જયાર વકીલ બીડીની ઓફિસ તેમજ ગોડાઉન ખાતે અલ્પેશ જયંતિભાઈ પટેલ (રહે. રાંધેજા)મળી આવ્યો હતો. જે ઓફિસ ખાતે કામ કરતા હોવાનું અને ઓફિસ ગોંવિદભાઈ હરગોવનદાસ પટેલની પેઢીના માલિક ભગાભાઈ હરગોવનદાસ પટેલ (રહે રાંધેજા)ની હોવાનું બહાર આવ્યું હતુ. પોલીસે ગોડાઉન ચેક કરતા તેમાંથી વકીલ બીડીના ૩૦ મોટા બોકસમાં ભરી રાખેલી બીડીનો જથ્થો મળી આવ્યો હતો. આ બીડીના જથ્થા ઉપર ગાઈડ લાઈન મુજબ નહી પરંતુ ચેતવણી સ્વરુપે ધુમ્રપાન થી ગળાનું કેન્સર થાય છે તેવું લખાણ લખાયુ હતુ. પોલીસે બીડીનો ગેરકાયદેસ જથ્થો પકડી પાડી બે શખ્સો સામે તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓએ સરકારી પ્રાથમિક શાળાના બાળકોને ભણાવ્યા




ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ કોલેજ દ્વારા દર વર્ષે યોજવામાં આવતા કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે 'ટીચ ઈન્ડિયા-૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'ટીચ ઈન્ડિયા ૨૦૨૦' અંતર્ગત સંસ્થાના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં જઈને મનોરંજન સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.

'ટીચ ઈન્ડિયા ૨૦૨૦' અંતર્ગત તા. ૩જી ફેબ્રુઆરીએ શહેરની વિવિધ સરકારી પ્રાથમિક શાળામાં અલગ અલગ ટીમ દ્વારા આશરે ૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ સેવાનો લાભ આપવામાં આવ્યો હતો. આ કાર્યમાં સંસ્થાના ૨૦૦ જેટલાં સ્વયંસેવક વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમને પાર પાડવા માટે શાસનાધિકારી કિરણબેન પટેલનો સહકાર સાંપડયો હતો જયારે સંસ્થાના ડાયરેકટર ડૉ. ભાવિન પંડયાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# નવ પરગણા ૨૮૨ ગરો બ્રાહ્મણ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા સમુહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૫

નવ પરગણા બસો બ્યાસી ગુરૂ બ્રાહ્મણ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા અઢારમા સમુહ લગ્નનું આયોજન તા. ૭ ફેબ્રુઆરીના રોજ સે-૬-ડીના મેદાન ખાતે યોજાશે. આ સમુહલગ્નમાં સમાજના કુલ અઢાર વરઘોડિયા પ્રભુતામાં પગલા માંડશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતનભાઈ પટેલ, વિશ્વગુરુ મહા મંડલેશ્વર ૧૦૦૯ મહેશ્વરાણજી પુરી ઓમ્ અલખપુરી સિધ્ધપીઠ પરંપરા જાડન તથા તમામ દાતાઓ અને સંસ્થાના સભ્યો તથા કાર્યકરો ખાસ હાજર રહેશે. આ પ્રસંગે સમાજના તમામને ઉપસ્થિત રહેવા પૂર્વ પ્રમુખ દુષ્યંતકુમાર શ્રીમાળી દ્વારા જણાવાયું છે.

# શનિ-રવિ દરમિયાન માણસા ખાતે સ્કૂલ-કોલેજ લીગની વૉલીબૉલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૫

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાત સ્કૂલ એન્ડ કોલેજ સ્પોર્ટસ લીગ મેચ અંતર્ગત વૉલીબૉલની રમત માટે પુરુષો તથા મહિલાઓ એમ બંને વિભાગની સ્પર્ધા તા. ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન માણસા ખાતેની બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં ઉત્તરઝોનમાં સમાવિષ્ટ જિલ્લા ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, કચ્છ, ભુજમાંથી રજીસ્ટ્રેશન કરાવેલ સંસ્થાની ટીમોએ ભાગ લેવા ઉપસ્થિત રહેવા જિલ્લાના સિનિયર કોચ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ફર્સ્ટ એડ ટ્રેનિંગ' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ માટે પ્રાથમિક સારવાર તાલીમ (ફર્સ્ટ એડ ટ્રેનિંગ) કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય ઉદ્દેશ ફસ્ટ એડ સંબાંધી જાગૃતિ લાવવી, અકસ્માતના સંજોગોમાં પ્રાથમિક અને સુરક્ષિત સારવારનું પ્રત્યક્ષ નિદર્શન કરવું અને નાગરિક તરીકે કોઈ પણ અકસ્માતગ્રસ્ત વ્યકિતનો કઈ રીતે તેની સભાનતા કેળવવી તે સમજાવવાનો હતો.

સમગ્ર કાર્યક્રમ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના સહયોગથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ઈન્ડિયન રેડક્રોસના ટ્રેઈનર તરલાબેન ગોસાલીયાએ કર્યુ હતું. તેમાં ઈન્ડયિન રેડક્રોસ ટીમ કો. ઓર્ડિનેટર અશ્વિનભાઈ દવે, ડૉ. હાર્દિક તલાટી, મેઘાબેન રબારી, એમ.એમ. સોલંકીએ હાજરી આપી હતી. કાર્યક્રમના મુખ્ય સંયોજક ડૉ. નિલેશ પંડયા હતા.

# ગાંધીનગર શહેર પેન્શનર સમાજની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ફેબ્રુઆરી ૨૦૨૦ની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૬ ફેબ્રુઆરીના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪ વાગ્યે સે-૨૨ સ્થિત સ્વસ્તિક કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. સંસ્થાના પ્રવર મંત્રી રમણલાલ એમ. શ્રીમાળી દ્વારા સંસ્થાના પદાધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોને સમયસર હાજર રહેવા જણાવાયું છે.

**ચિરવિદાય**

- સ્વ. ડાભી ચતુરબા મનુજી, ઉ.વ. ૮૦
- સ્વ. પટેલ નારણભાઈ કાનજીભાઈ, ઉ.વ. ૫૮
- સ્વ. ભાવનાબેન પદ્યુમનસિંહ રાઓલ, ઉ.વ. ૪૩
- સ્વ. ભાલાજી માલાજી ઠાકોર, ઉ.વ. ૯૫